# શક્તિની ભક્તિનુ પર્વ નવરાત્રિ : પંચમહાલ-દાહોદમાં ઉલ્લાસભેર ઉજવણી

**રાત્રિ દરમિયાન** ગરબે ઘૂમતી બાળાઓ, યુવતીઓ, મહિલાઓ અને નાના બાળકો સહિત તમામ ખેલૈયાઓની સુરક્ષા માટે બંને જિલ્લાઓમાં ઠેરઠેર નવરાત્રિ મહોતસ્વ યોજાય ત્યાં સુરક્ષા માટે પોલીસ પણ ચાંપતી નજર રાખી રહી છે

(પ્રતિનિધી) દાહોદ, તા.12

શક્તિની ભક્તિ અને આરાધનાના પર્વ નવરાત્રિ દરમિયાન પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આખો માહોલ ભક્તિમય અને ઉત્સાહસભેર રંગાઈ ગયો છે. આજના આધુનિક યુગમાં પણ આ આદિવાસી બહુલ વિસ્તારોમાં નવરાત્રિની પરંપરાગત ઉજવણીનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે, જ્યાં લોકો જૂની લોકસાહિત્યની ધૂન અને પરંપરાગત રીતિ-રિવાજો સાથે મા અંબાની આરાધના કરે છે. પાવાગઢની તળેટીમાં આવેલું પંચમહાલ જિલ્લો અને દાહોદના ડુંગરાળ પ્રદેશોમાં આ નવરાત્રિનો તહેવાર કોઈ મોટા ઉત્સવથી કમ નથી હોતો.

પંચમહાલ જિલ્લામાં જગતજનની મહાકાળીના ધામ પાવાગઢ ખાતે નવરાત્રિ દરમિયાન લાખો ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડે છે. માતાજીના દર્શન કરવા માટે દૂર-દૂરથી પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓ શ્રદ્ધાપૂર્વક આવે છે. જિલ્લાના ગામડાઓથી લઈને શહેરી વિસ્તારો સુધી રાત્રે શેરીઓમાં પરંપરાગત ગરબાની રમઝટ જામે છે, જેમાં યુવા વર્ગથી લઈને વડીલો સુધીના તમામ લોકો ઉત્સાહભેર ભાગ લે છે. ઢોલ અને શરણાઈના નાદ સાથે ગવાતા પરંપરાગત ગરબા પંચમહાલની સાંસ્કૃતિક વિરાસતને જીવંત રાખે છે.

દાહોદ જિલ્લામાં પણ આ પર્વ ખૂબ જ હર્ષોલ્લાસ અને પરંપરાગત રંગે ઉજવાય છે. અહીંના આદિવાસી ભાઈ-બહેનો પોતાની અનોખી શૈલીમાં અને લોકગીતો સાથે ગરબા રમીને માં શક્તિની આરાધના કરે છે. નવરાત્રિના નવેય દિવસોમાં માતાજીના મંદિરોમાં અખંડ દીવા પ્રગટાવવામાં આવે છે અને વિશેષ પૂજા-અર્ચના થાય છે. આ પર્વ માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતીક નથી, પરંતુ પંચમહાલ અને દાહોદના લોકો માટે સામાજિક એકતા, ભાઈચારો અને લોકતિની ઉજવણીનું પણ એક ઉત્તમ માધ્યમ બની રહે છે. આ ઉત્સવ દરમિયાન બંને જિલ્લાઓમાં સુરક્ષા અને વ્યવસ્થાને લઈને પણ તંત્ર દ્વારા સઘન આયોજન કરવામાં આવે છે, જેથી હજારોની સંખ્યામાં ઉમટતા શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ અને આનંદપૂર્વક પોતાના તહેવારની ઉજવણી કરી શકે. પોલીસ પ્રશાસન અને સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ટ્રાફિક નિયંત્રણ, આરોગ્ય સેવાઓ અને દર્શનાર્થીઓની ભીડને વ્યવસ્થિત કરવા માટે ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે, જે ઉત્સવના માહોલને વધુ સુરક્ષિત અને સરળ બનાવે છે.

આમ, નવરાત્રિનું આ પર્વ પંચમહાલ અને દાહોદની સાંસ્કૃતિક ઓળખને વધુ ઉજાગર કરે છે. અવનવા પહેરવેશમાં સજ્જ થઈને યુવાનો અને નાગરિકો મોડી રાત સુધી માં અંબાની ભક્તિમાં લીન રહે છે, જે આ પ્રદેશની પરંપરાઓ અને આસ્થાની અતૂટ શ્રદ્ધાને પેઢી દર પેઢી આગળ વધારવાનું કામ કરે છે.

## કાલોલના ડેરોલ સ્ટેશન રોડ પર 'મહાકાળી યુવક ગરબા મહોત્સવમાં પ્રથમ નોરતે ખેલૈયાઓ ઉમટી પડ્યા




**કાલોલ :** પ્રથમ નોરતાની પાવન રાત્રે સોસાયટીના રહીશો તેમજ આસપાસના વિસ્તારના માઈભક્તો દ્વારા વિશિષ્ટ ભક્તિભાવ સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. માતાજીની ભક્તિમાં લીન થઈને એકસાથે સોંકડો દીવડાઓની જ્યોત પ્રજ્વલિત કરાતાં અત્યંત નયનરમ્ય અને મનમોહક દ્રશ્યો સર્જાયા હતા. ગરબા મંડળના આયોજકો અને સ્થાનિકોની મોટી હાજરીમાં માતાજીના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિરસમાં સરોબોર થઈ ગયું હતું.મહાઆરતી અને ભક્તિમય માહોલ વચ્ચે ગરબા મહોત્સવના સ્ટેજ પર સોનાબેન શ્રીજીથ નાયરના માર્ગદર્શન હેઠળ ચાલતા ભરતનાટ્યમ ક્લાસીસની નાની બાળાઓ દ્વારા શાસ્ત્રીય નૃત્યની અદભુત કૃતિ રજૂ કરવામાં આવી હતી. દીકરીઓએ પોતાની કલાના જોહર દેખાડી ઉપસ્થિત સૌ કોઈ પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. પ્રેક્ષકોએ પણ તાળીઓના ગડગડાટ સાથે બાળાઓનો ઉત્સાહ વધાર્યો હતો.બાળાઓની આ પ્રતિભા અને કલા પ્રત્યેના સમર્પણને બિરદાવતા મહાકાળી યુવક ગરબા મહોત્સવના આયોજકો દ્વારા તમામ બાળ નૃત્યાંગનાઓને પ્રોત્સાહિત કરી વિશેષ ઈનામ આપીને સન્માનિત કરવામાં આવી હતી. આરતી અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ બાદ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી રાસ-ગરબાની મોજ માણી હતી.

## સિંગવડના ભમરેચી માતા મંદિર ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા આનંદ ગરબાનું આયોજન



**સિંગવડ :** ભમરેચી માતા મંદિર ખાતે યોજાયેલા આનંદ ગરબા કાર્યક્રમમાં ઝાલોદના મહિલા મંડળની બહેનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. નવરાત્રિના પ્રથમ દિવસના શુભ અવસરે માતાજીના સાનિધ્યમાં મહિલા મંડળ દ્વારા ભક્તિભાવપૂર્વક ગરબા ગાઈને માતાજીની આરાધના કરવામાં આવી હતી. આ સાથે જ મંદિર પરિસરમાં પરંપરા મુજબ જવારા પણ વાવવામાં આવ્યા હતા. નવરાત્રિના નવ દિવસ સુધી જવારાની સ્થાપના કરી માતાજીની પૂજા-અર્ચના કરવામાં આવશે. ભક્તિમય વાતાવરણમાં સૌ ભક્તોએ ગરબાનો આનંદ માણ્યો હતો. આ આનંદ ગરબાનું આયોજન દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર તથા તેમના પત્ની શ્રીમતી કંચનબેન ભાભોર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ઝાલોદના 85 જેટલા મહિલા ભક્ત મંડળ દ્વારા માં ભમરેચીના સાનિધ્યમાં આનંદ ગરબાનું રસપાન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સિંગવડ બજાર તથા આજુબાજુના ગામોના ભક્તો પણ જોડાયા હતા. બપોરે 12 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી આનંદ ગરબાની રમઝટ ચાલી હતી. ત્યારબાદ આરતી કરી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## હોલી જોલી ગ્રુપ દ્વારા નવતર પ્રયોગ સાથે 'રાત્રી બિફોર નવરાત્રિ'માં ખેલૈયાઓની ધમાલ



**દાહોદ:** આદિવાસી અને સાંસ્કૃતિક ધરા ધરાવતા દાહોદ શહેરમાં આસો નવરાત્રિ પૂર્વે ગરબાપ્રેમીઓ માટે એક વિશેષ અને અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદના જાણીતા 'હોલી જોલી ગ્રુપ' દ્વારા નવતર પ્રયોગ સાથે 'રાત્રી બિફોર નવરાત્રિ' (Night Before Nav®ari) કાર્યક્રમનું અદ્ભુત અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે અત્યંત સફળ રહ્યું હતું.નિયોન ગરબાની અનોખી રંગતઆ આયોજનની મુખ્ય વિશેષતા નિયોન ગરબા' થીમ રહી હતી. જેમાં ખેલૈયાઓએ ફ્લોરોસેન્ટ (Neon) કલરના આકર્ષક ડ્રેસીસ, ચમકતા ટેટૂટ્સ અને ઝગમગતી દાંડિયાઓ સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. અંધારામાં ઝગમગતા રંગો સાથે ખેલૈયાઓ મન મૂકીને ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા.

## હાલોલ ફુલાભાઈ પાર્ક ગ્રાઉન્ડમાં જય માતાજી ગ્રુપ દ્વારા માતાજીની પૂજા આરતી ખેલૈયા ગરબે ઘૂમ્યા

**હાલોલ :** નવરાત્રીમાં નવલી નોરતા નો ખૂબ જ મહત્વ હોવાથી હાલોલમાં જય માતાજી ગ્રુપ દ્વારા છેલ્લા 32 વર્ષથી ગરબાનું આયોજન ફુલાભાઈ પાર્ક ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવે છે તેવી જ રીતે ચાલુ વર્ષે પણ નવરાત્રી પ્રથમ દિવસે ભૂદેવ દ્વારા આરતી અને પૂજા અર્ચના નો કાર્યક્રમ થયો હતો. માં જગદં બા ની આરતી હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર તથા મયુર ધ્વજ સિંહ અને હાલોલ શહેર બીજેપી પ્રમુખ, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, નગરપાલિકાના સર્વ સદસ્યો અને જય માતાજી ગ્રુપના પ્રમુખ પ્રમોદસિંહ રાઠોડ અને જય માતાજી ગ્રુપના સર્વે અગ્રણીઓએમાં જગદંબાની પૂજાનો અનેરો આનંદ લીધો હતો. ત્યારબાદ ઉપસ્થિત સૌ મહેમાનો, પદાધિકારીઓ અને મહાનુભાવો દ્વારા મહોત્સવનો આનંદ માણ્યો હતો.



### લીમખેડા પોલીસ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## શ્રી હસ્તેશ્વર શાળાના બાળકોને સાયબર ક્રાઈમ અને ટ્રાફિક નિયમો અંગે જાગૃત કરાયા

બાળકોને શાળાકીય જ્ઞાન સિવાય બાહ્ય નોલેજ આપવુ પણ ખુબ જરૂરી



(પ્રતિનિધી) લીમખેડા, તા.20

વર્તમાન સમયમાં વધતા જતા સાયબર ગુનાઓ અટકાવવા અને વાહન ચાલકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ આવે તેવા આશયથી લીમખેડા પોલીસ દ્વારા એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લીમખેડાની જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે સાયબર ક્રાઈમ અને ટ્રાફિક અવેરનેસ (જાગૃતિ) અંગેનો સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં લીમખેડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ચૌહાણ સહિત સમગ્ર પોલીસ સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યો હતો. પોલીસ અધિકારીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફને સાયબર ફ્રોડથી કેવી રીતે બચવું, સોશિયલ મીડિયાનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો અને ડિજિટલ યુગમાં કઈ સાવચેતી રાખવી તેની ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ સાથે જ માર્ગ અકસ્માતો નિવારવા માટે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને હેલ્મેટ તેમજ સીટબેલ્ટના મહત્વ વિશે પણ સમજણ આપવામાં આવી હતી. શ્રી હસ્તેશ્વર સ્કૂલના મંત્રી ભરતભાઈ ભરવાડ અને વિદ્યાર્થીઓએ પોલીસ વિભાગના આ સરાહનીય પગલાંને બિરદાવ્યું હતું અને આપેલા માર્ગદર્શન બદલ લીમખેડા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ફતેપુરામાં અગ્રસેન મહારાજની જન્મજયંતિની ઉજવણી કરાઈ



(પ્રતિનિધી) ફતેપુરા, તા.12

ફતેપુરા નગરમાં અગ્રવાલ સમાજ દ્વારા ભગવાન અગ્રસેન મહારાજની જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી ઉજવણીના ભાગરૂપે ફતેપુરા લક્ષ્મીનારાયણ મંદિર થી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી બગી ઉપર ભગવાન ઓગ્રેસન મહારાજની છબી મૂકીને બેંન્ટના તાલે ફતેપુરા નગરના ઉખરેલી રોડ જુના બસ સ્ટેશન વિસ્તાર પોલીસ સ્ટેશન વિસ્તાર મેન બજાર ઝાલોદ ચોકડી પાછલા પ્લોટ વિસ્તાર થઈ અંબાજી મંદિર લક્ષ્મીનારાયણ મંદિરે પરત ફર્યા હતા હતા આ પ્રસંગે નાના નાના બાળકોથી લઈને મોટેરાઓમાં ભારે ઉત્સા જોવા મળ્યો હતો ભગવાન અગ્રેસર મહારાજની જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી આ પ્રસંગ અગ્રવાલ સમાજ દ્વારા પોતાના ધંધા રોજગાર બંધ રાખીને ભગવાન અગ્રસેન મહારાજની પુજા અર્ચના કરતા જોવા મળ્યા હતા લક્ષ્મી નારાયણ મંદિર ખાતે વિવિધ કાર્યક્રમો રાખીને સાંજે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું

### દાહોદના રાજપૂત સમાજ દ્વારા કાર્યક્રમ યોજાયો

## નગરપાલિકા ચોકમાં મહારાણા પ્રતાપની પ્રતિમાનુ અનાવરણ કરાયું

(પ્રતિનિધી) લીમખેડા, તા.20

આસો સુદ એકમ એટલે કે નવલી નવરાત્રીના પ્રારંભે આદ્યશક્તિ અંબામય માહોલમાં જેનું વિજયા દશમીના પાવન દિવસે અનાવરણ કરવામાં આવનાર છે તેવી મેવાડના સિંહ કહેવાતા શૂરવીર મહારાણા પ્રતાપની આવરણ સાથેની ભવ્ય અને વિરાટ પ્રતિમા તેના માટે અલાયદા બનાવવામાં આવેલ ઊંચા સ્ટ્રક્ચર પર મુકવામાં આવી હતી.



આ પ્રસંગે રાજપૂત સમાજના અગ્રણીઓ સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા નવલી નવરાત્રીના પ્રથમ દિવસે એટલે કે આસો સુદ એકમના રોજ મેવાડના રાજા મહારાણા પ્રતાપની આવરણ સાથેની ભવ્ય અને વિઘટ પ્રતિભા જૂની નગરપાલિકા ચોકમાં મૂકવાની હોઈ, આ ઐતિહાસિક પ્રસંગને વાચા આપવા રાજપુત સમાજ દ્વારા અવનતિકા રિસોર્ટ ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદના સમાપન બાદ ડીજે સાથે મેવાડના મહારાણા પ્રતાપની આવરણ સાથેની ભવ્ય અને વિરાટ પ્રતિમાને દાહોદ જુની નગરપાલિકા ચોક ખાતે વાજતે ગાજતે લાવવા માટે એક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે યાત્રા મેવાડના મહારાણા પ્રતાપની વીરગાથાના જયકારા સાથે ઈન્દોર- અમદાવાદ હાઈવે પર આવેલ અવનતિકા રિસોર્ટ ખાતેથી નીકળી હતી જે દહોદના જુના ઈન્દોર રોડ, પડાવ સરદાર ચોક, બહારપુરા, અનાજ માર્કેટ ગેટ નંબર-૧ તથા બે પર થઈ દરજી સોસાયટી, આશીર્વાદ ચોક, ઠક્કરબાપા ચોકડી, આંબેડકર ચોકડી થઈ સરકારી વિશ્રામ ગૃહ, સરસ્વતી સર્કલ, ભગિની સમાજ થઈ માલેકચંદ ચોક, પોસ્ટ ઓફિસ થઈ ડીજેના તાલે વાજતે ગાજતે જૂની નગરપાલિકા ચોક ખાતે પહોંચતી હતી.

### ઝાલોદ મુવાડા મંદિર ફળિયામાં તસ્કરોનો તરખાટ

## મકાનનું તાળું તોડી દાગીના-રોકડ મળી ૪.૮૦લાખની ચોરી

( પ્રતિનિધિ ) દાહોદ,તા.12

ઝાલોદ મુવાડા મંદિર ફળિયામાં રહેતા ૬૨ વર્ષીય સુભાષચંદ્ર જગજીવનદાસ પટેલ તારીખ ૭-૧૦-૨૦૨૬ના રોજ સવારના સાડા આઠેક વાગ્યાના સુમારે પોતે પોતાના મકાનના મુખ્ય દરવાજાને તાળું મારી અમદાવાદ ખાતે ગયા હતા અને તેઓ તારીખ ૯-૧૦-૨૦૨૬ ના રોજ પરત ઝાલોદ આવ્યા હતા તે દરમિયાનના સમયગાળા માં ઝાલોદ મુવાડા મંદિર ફળિયા માં એ ત્રાટકેલા તસ્કરો સુભાષચંદ્ર પટેલના બંધ મકાનને નિશાન બનાવી બંધ મકાનના દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરની તિજોરી શ્રી તોડી તિજોરીમાં મુકેલ રૂપિયા ૩.૯૦ લાખની કિંમતના સોના-ચાંદીના તે દાગીના તથા રૂપિયા ૯૦ હજારની રોકડ મળી રૂપિયા ૪,૮૦,૦૦૦/-વા ની મત્તા ચોરીને લઈ ગયા હતા. સુભાષચંદ્ર પટેલ તારીખ ૯-૧૦-૨૦૨૬ ના રોજ પરત ઘરે આવ્યા ત્યારે તેમના ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલા હાલતમાં જોવા મળતાં તેઓને પોતાના ઘરમાં ચોરી થઈ હોવાનું જણાઈ આવતા પોતે ઘરમાં જઈ જોતા તિજોરીમાં મુકેલ કપડા-લત્તા તેમજ અન્ય ચીજ વસ્તુઓ વેરવિખેર હાલતમાં જોવા મળી હતી ઝાલોદ પોલીસે આ સંદર્ભે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્ક્વોર્ડ તથા એફ.એસ.એલની મદદ માગી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદમાં પાણીની ગંભીર સમસ્યાના મામલે કોંગ્રેસ આકરા પાણીએ

## પાણી પુરવઠા ચેરમેન વહીવટી પ્રક્રિયા અટકાવવા પોલિટિકલ પાવરનો દૂરુપયોગ કરતા હોવાનો આક્ષેપ

( પ્રતિનિધિ ) દાહોદ,તા.12

દાહોદ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં જોઈએ તેટલો વરસાદ ન થતાં નદી-નાળાઓ છલકાયા નથી. દાહોદની જનતાને પીવાનું પાણી પૂરું પાડતા ડેમોમાં પણ જોઈએ તેટલું પાણી ભરાયું નથી જેને પગલે દાહોદ શહેરમાં પીવાના પાણીની સમસ્યા વધુ ગંભીર બનવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. ત્યારે પાણીની સમસ્યાના યોગ્ય નિરકરણને મામલે સંયમતા ભર્યા વલણના બદલે દાહોદ નગરપાલિકાના પાણી પુરવઠા વિભાગના ચેરમેન નું આપ ખુદશાહી વલણ ગંભીર સવાલો ઊભા કરી રહ્યું છે. જેને પગલે નગરજનોમાં પણ થોડી ઘણી નારાજગીની સાથે સાથે રોષ પણ જોવા મળી રહ્યો છે. આ વખતે ચોમાસુ નિષ્ફળ જતા એક તરફ મોંઘા પશુઓ માટે ચારાની અછત સર્જાશે તેવી ભીતિ સેવાઈ રહી છે. નદી-નાળા છલકાયા નથી. ચોમાસુ પાક નિષ્ફળ જતા અને પાણીની તંગી સર્જાતા દુષ્કાળ જાહેર કરવાની પ્રબળ માંગ પણ જિલ્લામાં ઉઠવા પામી છે. ઉનાળુ પાક પણ સફળ થશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. ક્યારે દાહોદ શહેરની પીવાનું પાણી પૂરું પાડતા પાટાડુંગરી જળાશય તથા કડાણા ડેમમાં પણ ઓછા વરસાદને કારણે પાણીના જરૂરી જથ્થાનો સંગ્રહ પણ થઈ શક્યો નથી. જેને કારણે આવનાર દિવસોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ શકે છે. આમ પણ પાણી પાછળ કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા હોવા છતાં દાહોદની જનતા પાણી ની સમસ્યા dahod સ્માર્ટ સિટી બન્યું. સ્માર્ટ સિટીમાં તે દરરોજ નિયમિત સમયસર પીવાનું પાણી મળવું જોઈએ તેમ છતાં પહેલેથી જ પીવાના પાણીનો પુરવઠો પૂરો ચોથી દિવસે નગરપાલિકા દ્વારા પાડવામાં આવે છે. અને તેમાંય વળી વચ્ચે વચ્ચે પાંચ દિવસે પાણી આપવામાં આવે છે. નિયમિત વેરો ભરવા છતાં નગરજનો પાણીની આ ગંભીર સમસ્યા પૂર્વ સત્તાધીશાની અણઆવડત યા કોઈ અન્ય કારણસર વર્ષોથી વેઠતા આવ્યા છે ત્યારે પાણીની સમસ્યાના યોગ્ય નિરાકરણ માટે સંયમથી કામ લેવાના બદલે પાણી માટેનું કોઈ પણ નાનામાં નાનું કામ હશે તો પણ તેના માટે કાગળ પર લેખિતમાં આપવું પડશે તેવો મનસ્વી આદેશ આપ્યાનો ગંભીર આક્ષેપ કરાયો હતો.

### સામાજિક સુધારા માટે આહવાનું કરાયું

## રોહિત સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજોને તિલાંજલિ આપી

( પ્રતિનિધિ ) સુખસર,તા.12

રોહિત સમાજની સંયુક્ત પંચની મળેલ બેઠકમાં સમાજ સુધારા માટે વિવિધ ઠરાવો કરવામાં આવ્યા હતા. જેમાં દીકરા દીકરીની સગાઈ સમયે વરનું ઘર જોવા માટે મોટી સંખ્યામાં સગા સંબંધીઓ જાય છે.અને બંને પક્ષે ખોટો ખર્ચ થાય છે. ત્યારે કન્યા પક્ષે વર પક્ષનું ઘરબાર જોવા માટે માત્ર 11 માણસોએ જવું. જ્યારે સગાઈ ના રીતના ત્રણ પ્રકાર છે તેમાં કંકુની કન્યા 452 ની રીત વાળી કન્યા તથા દાપાની કન્યા. તેમાં કંકુની કન્યા રીત બાબતે વર પક્ષ તરફથી તેના સગા સંબંધી કન્યા પક્ષના ઘરે જવાનું રહેશે અને આ સગાઈ બાબતે સમાજના રીત રિવાજ મુજબ સગાઈના રૂપિયા બે રાવણાના કન્યા પક્ષ તરફથી લેવામાં આવશે તેમજ સગાઈ પેટે થતા ખર્ચ પણ કન્યા પક્ષ તરફથી લેવાનો રહેશે સગાઈ નક્કી થયા બાદ રૂપિયા બે અને ધોતી સગાઈ માટે વેવાઈને આપવાનું રહેશે. જ્યારે 452 રીત વાળી કન્યા બાબતે સગાઈના રૂપિયા બે રાવણા ના બંને તરફ પક્ષ તરફથી એક એક રૂપિયો લેવા અને લગ્ન વખતે 452 છોકરીના પિતાની ઈચ્છા મુજબ વરને ભણાવી આપે તેમાં કોઈને વિરોધ કરવો નહીં અને ભણાવી આપ્યા બાદ સગાઈથી લગ્ન સુધીનો ખર્ચ કન્યા પક્ષ તેના પિતા કરવા માંગતા હોય તો કરી શકે તેવો ઠરાવ કરવામાં આવ્યો છે.